# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **રાજ્યસભાની ખાલી પડેલી ચાર બેઠકો માટે ભાજપના ચાર ઉમેદવારો આજે ઉમેદવારી કરશે.**
2. **રાજ્યની 54 હજાર જેટલી શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો આરંભ.**
3. **રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ 21 જૂને યોજાનારી નીટ અન્ડર ગ્રેજ્યુએટ પરીક્ષા માટે શહેરોની યાદી જાહેર કરી.**
4. **રક્તપિત્ત નિર્મૂલન માટે આજથી 30 જૂન સુધી રાજ્યવ્યાપી "લેપ્રસી કેસ ડિટેકશન" કાર્યક્રમ યોજાશે.**
5. **રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા એક કરોડ 78 લાખ રૂપિયાના સાયબર ફ્રોડમાં મ્યુઅલ એકાઉન્ટ ધરાવનારા નવ આરોપીઓની ધરપકડ.**
6. **વિશ્વ યોગાસન ચેમ્પિયનશીપમાં 50 ચંદ્રક સાથે ભારત અગ્રસેર.**
7. **આકાશવાણીએ આજે તેની સફરના નવ દાયકા પૂર્ણ કર્યા.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# RAJYSABHA NOMINATION

આજે રાજ્યસભાની યોજાનારી ચૂંટણી માટે ભાજપના ચાર ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રો ભરશે. ગાંધીનગર ખાતે વિધાનસભામાં વિજય મૂહુર્તમાં રાજુ શુકલ, મૂકેશ રાઠવા, માનસિંહ પરમાર, અને જીતેન્દ્ર કંજારિયા પોતાની ઉમેદવારી કરશે. મંત્રીઓ, ધારાસભ્યોની ઉપસ્થિતીમાં ઉમેદવારી કરાશે.

આ તમામ ચારેય ઉમેદવારો બિનહરિફ જાહેર થવાની શક્યતા છે. આ વખતે કોંગ્રેસ પાસે ઉમેદવારી નોંધાવા માટેનું પુરતુ સંખ્યા બળ ન હોવાને કારણે રાજ્યસભામાં કોંગ્રેસ ઉમેદવારી નોંધાવી શકે તેવી સ્થિતીમાં નથી.

# NEW ACEDEMIC YEAR

રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષનો આજથી પ્રારંભ થઇ રહ્યો છે. શાળાઓમાં 35 દિવસોના ઉનાળુ વેકેશન સમાપ્ત થયા બાદ આજથી ધોરણ એકથી આઠ તેમજ નવથી 12ની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો આરંભ થઇ રહ્યો છે.

ગુજરાત બોર્ડ હેઠળની 54 હજાર જેટલી રાજ્યની શાળાઓમાં આજથી સત્રનો આરંભ થવા જઇ રહ્યો છે. પ્રથમ સત્ર 120 દિવસનું રહેશે.

આજથી ચોથી નવેમ્બર સુધી પ્રથમ સત્ર યોજાશે, જ્યારે પાંચથી 25 નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે. આ સત્રના આરંભ સાથે જ શાળાઓ બાળકોની કિલકારીઓથી ગાજી ઉઠશે.

# WORLD BRAIN TUMOR DAY

**આજે વિશ્વ બ્રેઈન ટ્યુમર દિવસ છે. લોકોમાં ગંભીર બીમારીઓ પ્રત્યે જાગૃતિ લાવવા અને વહેલા નિદાન માટે પ્રેરિત કરવાના હેતુથી દર વર્ષે 8 જૂને વિશ્વભરમાં 'વિશ્વ બ્રેઈન ટ્યુમર દિવસ' તરીકે મનાવવામાં આવે છે. આ અવસરે સરકારે નાગરિકોને બ્રેઈન ટ્યુમરના લક્ષણો પ્રત્યે સતર્ક અને જાગૃત રહેવા અપીલ કરી છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ......**

## VC- HANSINI VAJA

*(બ્રેઈન ટ્યુમર એ મગજના અસામાન્ય કોષોની અનિયંત્રિત વૃદ્ધિ છે અને તે કોઈપણ ઉંમરે થઈ શકે છે. જોકે, અદ્યતન તબીબી વિજ્ઞાનના કારણે હવે બ્રેઇન ટ્યુમરની સફળ સારવાર અને સંપૂર્ણ રિકવરી શક્ય બની છે. સમયસર જાગૃતિ, વહેલું નિદાન અને ત્વરિત અદ્યતન સારવાર દ્વારા આ બીમારી સામે જીતી શકાય છે.*

*અમદાવાદની **'GCRI'** હોસ્પિટલમાં આવા કેન્સરના દર્દીઓને એક જ છત નીચે વૈશ્વિક સ્તરનું નિદાન અને અદ્યતન સારવાર મળી રહે છે, પરિણામે ગુજરાતના દર્દીઓએ રાજ્ય બહાર જવાની બિલકુલ જરૂર નથી. અહીં છેલ્લા પાંચ વર્ષમાં બ્રેઈન ટ્યુમરના દર્દીઓને વૈશ્વિક સ્તરની અદ્યતન સારવાર આપવામાં આવી છે. હોસ્પિટલના રેકોર્ડ મુજબ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૨૫૨ કેસો નોંધીને દર્દીઓને શ્રેષ્ઠ તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી છે.*

*હંસિની વાજા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# NTA-RE-EXAM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - **NTA** એ **NEET-UG 2026**ની પુનઃપરીક્ષા માટે પરીક્ષા શહેરોની યાદી જાહેર કરી છે. પુનઃપરીક્ષા આગામી **21** જૂને દેશભરના **551** શહેર અને ભારત બહારના **14** શહેરમાં બપોરે **2** થી સાંજે **5** વાગીને **15** વાગ્યા સુધી પેન અને પેપર મોડમાં લેવાશે.

**NTA** એ સ્પષ્ટતા કરી કે, પરીક્ષા શહેર માહિતી સ્લિપ પ્રવેશપત્ર નથી અને તે ફક્ત ઉમેદવારોને તેમના પરીક્ષા કેન્દ્ર ક્યાં સ્થિત હશે તે શહેર વિશે માહિતી આપવા માટે જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પેપર લીકના આરોપો વચ્ચે **NTA** દ્વારા **12** મેના રોજ આ પરીક્ષા રદ કરવામાં આવી હતી. **CBI** હાલમાં પેપર લીક કેસની તપાસ કરી રહી છે.

# LEPROSY DAY

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્ત નિર્મૂલન માટે આજથી 30 જૂન સુધી રાજ્યવ્યાપી "લેપ્રસી કેસ ડિટેકશન" કાર્યક્રમ હાથ ધરાશે. રાજ્યના 12 પ્રાયોરિટી જિલ્લાઓના 98 તાલુકા-વોર્ડમાં 15 હજાર 941 ટીમો દ્વારા અંદાજે બે કરોડથી વધુ નાગરિકોની તપાસ કરાશે, જ્યારે અન્ય 22 જિલ્લાઓના 175 તાલુકા-વોર્ડમાં આજથી 18 જૂન સુધી સ્ક્રીનિંગ કરાશે. નાગરિકોને આ રોગના લક્ષણો વિશે માહિતગાર કરી જનજાગૃતિ ફેલાવાશે.

ઝુંબેશ દરમિયાન નિયત કરેલા વિસ્તારોમાં તપાસ માટે જાહેર રજાઓ અને મમતા દિવસ સિવાય આશા બહેનો અને સ્વયંસેવકોની વિશેષ ટીમો જોડાશે. સર્વે

દરમિયાન જો કોઈ પણ વ્યક્તિમાં રક્તપિત્તના શંકાસ્પદ લક્ષણો જણાશે, તો આરોગ્ય ટીમો દ્વારા તેમને ત્વરિત નિદાન અને સારવાર અર્થે નજીકના આરોગ્ય કેન્દ્ર મોકલાશે.

## HARSH SANGHVI SABARMATI ASHARAM DEVLOPMENT PROJECT MEETING

ગાંધીનગર ખાતે સાબરમતી આશ્રમના ચાલી રહેલા વિકાસ કાર્યો અને સાબરમતી રિવરફ્રન્ટના સતત વિકાસ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે મોડી સાંજે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં અમદાવાદની સાંસ્કૃતિક ઓળખ અને ભવિષ્ય માટેના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવામાં આવી.

બેઠક દરમિયાન જાહેર જગ્યાઓને વધારવાની સાથે આપણા વારસાને જાળવવા માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, આશ્રમ અને રિવરફ્રન્ટના વિકાસથી શહેરની ઓળખ વધુ મજબૂત બનશે અને ભવિષ્યમાં સાંસ્કૃતિક મહત્વ વધશે.

બેઠકમાં હાજર રહેલા વિવિધ વિભાગના પ્રતિનિધિઓએ પણ પોતાના સૂચનો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જાહેર જગ્યાઓના વિસ્તરણથી નાગરિકોને વધુ સુવિધાઓ મળશે અને વારસાની જાળવણી સુનિશ્ચિત થશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## RAJKOT MUEL HUND OPERATION

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા એક કરોડ 78 લાખ રૂપિયાના સાયબર ફ્રોડમાં મ્યુઅલ એકાઉન્ટ ધરાવનારા 16 માંથી નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

રાજકોટ રૂરલ એસ.પી. વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ઓપરેશન મ્યુઅલ હન્ટ ચાલી રહ્યુ છે. જે અંતર્ગત રાજકોટ ગ્રામ્યમાં જે મ્યૂઅલ એકાઉન્ટ છે તેમના વિરુધ્ધ કામગીરી થઇ રહી છે.

**BYTE: VIJAYSINH GURJAR- RURAL SP**

# WORLD YOGASAN

પૂર્વ મિસ ગુજરાત સુપર મોડેલ ખેલાડી હિના રાજગોરે અમદાવાદના ઇકેઇ એરાના ખાતે આયોજીત વિશ્વ યોગાસન ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીતીને ભારતના અભિયાનનું નેતૃત્વ કર્યું. આ ચેમ્પિયનશીપમાં ભારત 50 ચંદ્રક સાથે ચંદ્રકો મેળવવામાં અગ્રેસર રહ્યું છે.

ભારતે 40 સુવર્ણ, 8 રજત અને 2 કાંસ્ય ચંદ્રક મેળવ્યાં છે. જ્યારે જાપાન બીજા અને સિંગાપોર ત્રીજા સ્થાને રહ્યું છે.

# ALL INDIA RADIO 90 YEARS

આઠમી જૂન **1936**નો દિવસ ભારતીય પ્રસારણ માટે ઐતિહાસિક દિવસ છે. આજના દિવસે સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસને નવુ શીર્ષક મળ્યુ અને તે આકાશવાણીના નામે. આકાશવાણીએ તેની શરૂઆતને આજે નેવુ વર્ષ પૂર્ણ કર્યા છે.

જનજન સુધી લોકોનો અવાજ બનેલા આકાશવાણીના નવ દાયકાની સફર અત્યંત પ્રભાવશાળી અને વિશ્વનિય બની છે. ભવ્ય ભૂતકાળ, તેજોમય વર્તમાન અને ઉજ્જવળ ભવિષ્યની આકાશવાણીને શુભકામના.

# WEATHER

રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે છૂટાછવાયા વરસાદની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ વરસાદ વરસી શકે છે. ચોમાસું આગળ વધીને મહારાષ્ટ્ર સુધી પહોંચી ગયું છે, જેના કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફારની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

જોકે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી અને ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે, રાજ્યમાં ગરમીની સ્થિતિ હજુ યથાવત રહેશે. કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદથી લોકોને આંશિક રાહત મળી શકે છે.

**BYTE- PRADEEP SHARMA, IMD**

# DAMAN TOURISM

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણનો દરિયાકાંઠો હવે "મિની ગોવા" તરીકે ઉભરી રહ્યો છે. ત્યારે કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાતે આવેલા પ્રવાસીઓએ દરિયાકિનારા, પર્યટન માળખાગત સુવિધાઓ અને તાજેતરના વિકાસની પ્રશંસા કરી. સહેલગાહે આવેલા ખુશબુ મહિડાએ આ અંગે કહ્યુ કે, ગોવાની જેમ જ દમણમાં પણ આનંદ આવી રહ્યો છે.

**BYTE: TOURIST**

# "EK PED MAA KE NAAM"

ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવા માટે 'એક પેડ મા કે નામ' અભિયાન માટે અમદાવાદમાં બૃહદ બેઠક યોજાઈ. બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહભાગી થયા.

આ પ્રસંગે બોલતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રકૃતિનું જતન કરવું એ આપણા સૌની જવાબદારી છે. ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં સવા કરોડ વૃક્ષો ઉછેરવાના સંકલ્પને સાકાર કરવા આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ.

કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, ગાંધીનગર લોકસભાને દેશની સૌ પ્રથમ હરિયાળી લોકસભા બનાવવા માટે સંકલ્પની સાથે માઇક્રો પ્લાનિંગ જરૂરી છે. આ પ્રસંગે 'ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા'ના સૂત્રને સાકાર કરવા સવા કરોડ વૃક્ષો ઉછેરવા માટે કાર્યકરો સંકલ્પબદ્ધ થયા હતા.

---------------------------------------------------------